॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૧૫ | જાન્યુઆરી-ફેબ્રુઆરી - ૧૯૯૫ | અંક ૪

## વાલીઓને,

### કચરાના નિકાલનો પ્રશ્ન

આ શાળાના તેજસ્વી વિદ્યાર્થી ભાઈ મયુર શાહ અમદાવાદમાં એક અભિનંદનીય કાર્ય કરી રહ્યાં છે - ''સ્વચ્છ અમદાવાદ''નું આંદોલન. આ આંદોલનથી આપ સૌ પરિચિત હશો જ એવો મને વિશ્વાસ છે.

આપણી અનેક સામાજિક સમસ્યાઓમાં સ્વચ્છતાનો અભાવ એ બહુ મોટી સમસ્યા છે. એમાં પણ જાહેર સ્થળો કે જ્યાં અનેક ક્ષેત્રોમાંથી લોકો આવતા જતાં હોય છે ત્યાં તો તે પરાકાષ્ટાએ પ્રશ્નરૂપ બને છે. આપણા બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશનો, એપાર્ટમેન્ટની સીડીના ખૂણાઓ, બસની અંદર અને રેલવેના ડબ્બાની અંદર એમ જ્યાં જોઈએ ત્યાં ગંદકી નજરે ચડે છે. ક્યારેક મંદિર જેવા સ્થળોએ પણ તે આશ્ચર્યજનક રીતે દેખા દે છે. આપણી ટેવો અને ગંદકીની સભાનતાનો અભાવ પ્રશ્નને વધારે વિકટ કરે છે. શાળાઓમાં પણ નોટમાંથી ગમે તેમ કાગળો ફાડીને વર્ગમાં નાંખવા, નાસ્તો લાવ્યા હોય તેનો નિકાલ કરવાની બિનઆવડત થોડા વિદ્યાર્થીઓમાં હોય તો પણ તે વિકટ પ્રશ્નો જરૂર ઊભા કરે છે. ફરજ તરીકે સ્વચ્છતાનું કામ જેમણે કરવાનું હોય છે તેની બેદરકારી, તેમને મળતી કાયદાકીય સુરક્ષા પ્રશ્નને વધુ વિકટ બનાવે છે. તે આપણા સૌનો અનુભવ છે.

આ બધુ હોવા છતાં આને માટે સતર્ક અને ઘનિષ્ટ પ્રયાસ કરવામાં આવે તો સંતોષકારક નહીં તો પણ આશ્વાસન લઈ શકીએ તેવો સુધારો તો જરૂર થાય. જેમ પર્યાવરણની સભાનતાએ પ્રશ્ન હલ ન કર્યો હોય તો પણ લોકોને વિચારતા તો કર્યા છે તે સ્વીકારવું રહ્યું.

'સ્વચ્છતા આંદોલન'ની કેટલીક વાતો લોકો થોડે અંશે પણ સ્વીકારતા તો અવશ્ય થયાં છે. જેમ કે કચરાના શાપનું વરદાનમાં રૂપાંતર કરી સુખી ઘરની મુશ્કેલી, ગરીબ કુટુંબોની રોજીરોટી અને તેમને આર્થિક રીતે સધ્ધર થવાની તક પૂરી પાડે.

કચરાનું વિભાગીકરણ, તેનાં નિકાલની પદ્ધતિઓ અને આ બધુ એવી રીતે કરવું જેથી સૌને તેમાંથી થતો લાભ દેખાય અને ઉત્સાહ વધે.

ભાઈ મયુર શાહે સૌ વાલીઓને મળવાનો ઉત્સાહ પણ બતાવ્યો છે. અનુકૂળતાએ આવી કોઈ મિટિંગનું આયોજન થાય તો જેમને આવા પ્રશ્નોમાં રસ હોય તે સૌ આવશો એવી અપેક્ષા છે

- દિનુભાઈના વંદન

## "ભૂગોળમાં તે કંઈ રસ પડે ?"

''નમિતા, લાવ તો તારું પરિણામ બતાવ કેટલા માર્કસ્ આવ્યા છે ?''

''મમ્મી ગણિત વિજ્ઞાનમાં સારા માર્કસ્ આવ્યાં છે પણ સમાજશાસ્ત્રમાં ઓછાં આવ્યાં છે''

''કેમ એવું થયું દીકરા ? આટલી બધી તો મહેતન કરી હતી''

''પણ મમ્મી એક તો એમાં એટલા બધાં પાઠ હોય. અને ભૂગોળ તો એવી છે કે તેમાં જરા ય યાદ જ નથી રહેતું. જુદાં જુદાં પ્રદેશો ને તેની ખાસિયતો, તેના લોકો, રહેણીકરણી, પાક – મારું તો મગજ થાકી જાય છે એ બધુ ગોખી ગોખીને, કોણે કર્યું હશે આ ભણવાનું ?''

મોટા ભાગનાં બાળકોની આ મૂંઝવણ જોવા મળે છે, કારણ કે જે વિષયમાં પૂરો રસ ન પડે એ વિષયને યાદ કેવી રીતે રાખવો એ બહુ મોટી સમસ્યા છે. ચોપડીના પાનાં પર તેનું વર્ણન હોય, ક્યાંક બે ચાર ચિત્રો પણ હોય પણ તેમાં રસ જાગે તેવું ન હોય ત્યાં સુધી તે યાદ ક્યાંથી રહે ?

અને એટલે જ હમણા શિશુમંદિરમા એક નવો જ પ્રયોગ કર્યો, ભૂગોળના પ્રોજેક્ટની એક સ્પર્ધા યોજવામાં આવી જેમાં ધોરણ ૫ નાં બાળકોને જુદી જુદી ટુકડીઓ પ્રમાણે જુદા જુદા પ્રદેશોની રચના કરવાનું કહેવામાં આવ્યું, કેટલાક બાળકોએ મોસમી પ્રદેશ, કોઈએ રણપ્રદેશ, [illegible] ઉભા થાય [illegible] ય જંગલોનો પ્રદેશ, ટુંડ્ર પ્રદેશ, રણ પ્રદેશ [illegible] રચનાઓ કરી. જમીન પર બધાને જ એકસરખા બ્લોક્સ અપાઈ ગયા, સૌએ તેમને સોંપવામાં આવેલ પ્રદેશની રચના કરી. એનાં લોકો, તેમનો પહેરવેશ, રીતરિવાજ, મકાનો, વનસ્પતિની લાક્ષણિક્તા બધુ જ તેમાં તેમણે આબેહૂબ રજૂ કર્યું હતું.

રણપ્રદેશતોસાવસૂકોભંડ, એમાં શું કરાય? એવો સહેજેય વિચાર આવે પણ બાળકોએ તેનું કરેલું નિરૂપણ... આરબો જાણે આબેહૂબ, રણદ્વિપ, ઊંટ, રણના તંબુ, રણની વિશિષ્ટ વનસ્પતિ, કૌટાળા થોર... એ દૃશ્ય જોયા પછી રણ પ્રદેશની વિશિષ્ટતા જીવનમાં ક્યારેય ભૂલી ન શકાય મોસમી પ્રદેશમાં ખેડેલું ખેતર, તેમાં વરીયાળીથી કરેલી વાવણી, બહુમાળી મકાનો, રસ્તા પર વાહનની અવરજવર, ગાડું, જંગલની રચના, ને તેમાં પ્રાણીઓ, અરે ! ટુંડ્ર પ્રદેશમાં તૂટેલા બોલમાંથી બનાવેલ ઈગ્લુ, રેન્ડીયર, સ્લેજગાડી, શંકુ આકારનાં વૃક્ષો, સવાનાના પ્રદેશનાં ખાસ પ્રકારના ગોળ છાપરાવાળા મકાનો, મેદાનનાં પ્રાણીઓથી બચવા તેને ઊંચા બનાવવા પડે, વિષુવવૃત્તીય પ્રદેશના શિકાર કરતા આદિવાસીઓ, જંગલમાં ઊંધે માથે લટકતું પેલું સ્લોથ, નદી અને જળચર પ્રાણીઓ, કોણ કહી શકે કે ભૂગોળમાં રસ નથી પડતો !

સૂક્ષ્મ નિરીક્ષણ, ને ઝીણવટભર્યો અભ્યાસ ને તેની સાથે તેમણે તેમની કલ્પનાશક્તિ અને રચનાશક્તિ કામે લગાડીને વિવિધ પ્રદેશોનું આબેહૂબ સર્જન કર્યું હતું. નજર આગળ જોવાયેલ આ દૃશ્યો પછી એકકેય પ્રદેશની લાક્ષણિક્તા બાળક કેવી રીતે ભૂલી શકે ! જ્ઞાન સાથે ગમ્મત, સૂક્ષ્મ નિરીક્ષણ ને તેમાંથી પરિણમતી સર્જનાત્મક્તા, આવા પ્રોજેક્ટથી બાળકમાં એ વિષય માટે આપોઆપ રસ જાગે છે. બાળકોનો એ આખોય પ્રોજેક્ટ ધન્યવાદને પાત્ર હતો.

## "બાળકમાં આટલો અજંપો કેમ ?"

હજી તો રીસેસનો ઘંટ પડ્યો છે ત્યાં તો અર્ચિત, કુંતલ, પ્રણવ, ને બીજાં ચાર પાંચ છોકરાંઓ નિશિથને લઈને ઓફિસમાં આવ્યાં, કપાળમાં વાગ્યું હતું ને લોહી ખૂબ નીકળતું હતું. એકદમ સૂવાડી દઈ તેનું લોહી પહેલાતો બંધ કર્યું. અને પછી ઘા સાફ કરી પાટો બાંધ્યો. કપડાં પર પણ ખૂબ લોહી લાગ્યું હતું અને એટલે એના મમ્મીને ફોન કરીને બોલાવ્યાં.

સમાચાર મળતા જ નેહાબેન એકદમ ગભરાઈને હાફળા ફાંફળા દોડી આવ્યાં. ને નિશિથને સીધો જ ડોક્ટરને ત્યાં લઈ જવો પડ્યો, પણ સંતોષ માન્યો કે સહેજ વાતમાં આંખ બચી ગઈ "જો આંખ પર ઈજા થઈ હોત તો !" મનોમન તેમણે ભગવાનનો પાડ માન્યો.

લગભગ રોજે રોજ બનતી આવી ઘટનાઓ જોઈ ક્યારે ક મૂંઝાઈ જવાય છે. બાળકોમાં આ અજંપો શાથી ? દિન પ્રતિદિન બાળકો ગેરશિસ્ત તરફ કેમ વધુ ને વધુ દોરાતા જાય છે ? વર્ગમાં બેંચ પર દોડવું, કૂદવું ને એમાંથી વાગવું એ તો જાણે સાહજિક બની ગયું છે. વર્ગમાં ય ચાલુ કલાસે મારામારી, ધક્કામૂકી, ક્યારે ક તો શિક્ષક પણ મૂંઝાઈ જાય કે અભ્યાસ આગળ વધારવો કેવી રીતે ? સતત અજંપા વચ્ચે અટવાતાં આ બાળકો અભ્યાસમાં રસ લઈને ધ્યાન પણ ક્યાંથી આપી શકે ? અને માબાપનાં તરફથી વધુ માર્કસ્ માટેનો સતત આગ્રહ ને ઘણી રોકટોક. રીસેસમાં પણ સામાન્ય રીતે આપણે એવી અપેક્ષા રાખીએ કે બાળકો તેમનાં મિત્રવર્તુળમાં હળવાશથી બેસે, મસ્તીથી વાતોની મઝા માણે ને ભેગાં મળી નાસ્તો કરે. એટલે ચાર તાસ દરમ્યાન ભેગો થયેલો થાક પણ ઉતરે, મગજ પણ હળવું થઈ જાય ને ફરી પાછાં અભ્યાસ માટે તાજા થઈ જાય.

પરંતુ તેને બદલે રીસેસમાં તો બાળકોની ધાંધલ ધમાલની કોઈ હદ જ નથી હોતી. નાસ્તો ય ક્યારે ક પૂરો ન કરે... ને દોડતાં દોડતાં નાસ્તો કરે એમાં ક્યાંય કેટલાય છોકરાંઓનાં નાસ્તા ઢોળાઈ જાય.. નાસ્તો તો ઢોળાય પણ રીસેસમાં બે પાંચ છોકરાંઓને અચૂક નાની મોટી ઈજા પણ થઈ હોય. મારામારી, બચકા ભરવા, એકબીજાની ઉપર પડવું... અજંપો. આક્રમકતા, અશાંતિ એનો અંત જ નહી...આનું કારણ શું ?..

ટી.વી. ની અસર આજે બાળકો પર એટલી તો વ્યાપક બની છે કે તેને કારણે પણ આ અજંપો છે તે સમજી શકાય તેવી હકીકત છે. ટી.વી. અને ચેનલોએ તો જાણે ઉગતી પેઢીનાં મગજમાં ધીમું ઝેર રેડવાનું કામ કર્યું હોય તેવી પરિસ્થિતિ ઊભી થઈ છે, તો બીજી બાજુ આપણે ક્યારે ય આપણાં સંતાનને વ્હાલથી પાસે બેસાડી, માથે હાથ ફેરવી તેનાં અંતરમાં ઊભા થતા આ અજંપા અને બિનસલામતીના કારણો શોધવાનો પ્રયાસ કરીએ છીએ ખરાં ? ઘડી બે ઘડી તેમની સાથે વ્હાલથી વાત કરવા જેટલો સમય ફાળવી શકીએ છીએ ખરાં ! શાંતિની પળો માણવાની ય કેવી મઝા છે તેનો ક્યારેય તેમને અનુભવ થવા દઈએ છીએ ખરાં ? બાળકમાં પ્રવર્તતા આ અજંપા ને અશિસ્ત માટે જવાબદાર કોણ ?

ઊર્મિલા શાહ

## સંસ્થાકીય સમાચાર

### બાલમંદિર

તા. ૨-૧-૯૫ ને સોમવારે તાલીમનાં બાળકો માટે ચિત્ર સ્પર્ધા યોજાઈ ગઈ. બાળકો રંગ અને રેખાની દુનિયામાં જાણે ખોવાઈ ગયાં. બાળકો તેમની આસપાસની દુનિયામાં જે કંઈ જુએ છે તેને ચિત્રનાં માધ્યમ દ્વારા અભિવ્યક્ત કરવાનો પ્રયાસ કરે છે અને ત્યારે તેમની દૃષ્ટિએ તેમણે કરેલી તેમની સૃષ્ટિનું આ આલેખન નિહાળવું એ પણ એક લ્હાવો છે. તેમણે તૈયાર કરેલાં ચિત્રો ખૂબ સુંદર હતાં, આટલી નાની ઊંમરે કરેલી તેમની આ કલાની અભિવ્યક્તિ ધન્યવાદને પાત્ર હતી. નિર્ણાયક તરીકે ભૂતપૂર્વ ચિત્ર શિક્ષક શ્રી ઈંદ્રજીતભાઈ પુરાણીએ સેવા આપી. વિજેતા બાળકોને બિરુદ આપવામાં આવ્યાં છે.

તા. ૨૧-૧-૯૫ ને શનિવારનાં રોજ તાલીમનાં બાળકો માટે વેશભૂષા સ્પર્ધા યોજાઈ ગઈ. બાળકોએ વિવિધ વેશભૂષામાં સજ્જ થઈ વિવિધ પાત્રોની ભૂમિકા ખૂબ સરસ રીતે ભજવી. બાળક ખૂબ સૂક્ષ્મ રીતે નિરીક્ષણ કરીને તેની આસપાસના પાત્રોનું અસરકારક રીતે અનુકરણ કરી શકે છે, ને પછી જ્યારે તે એ પાત્રની ભૂમિકા ભજવે છે ત્યારે તેમાંથી એ બાળકને તેનાં મૂળ પાત્રમાં શોધવું એ સાચે જ મુશ્કેલ બની જાય છે. ફૂલકન્યા, ઋતંભરા, રોબોટ, ફોટોગ્રાફર, વકીલ. વિ પાત્રોની ભૂમિકા માટે બાળકો તથા તેમના વાલીઓએ કરેલો પરિશ્રમ દાદ માંગી લે તેવો હતો. નિર્ણાયક તરીકે સંસ્થાના કોઓર્ડીનેટર શ્રી ઊર્મિલાબેન શાહ તથા બાળકો સાથે સંકળાયેલા શ્રી પન્નાબેન ઠાકોરે સેવા આપી.

### શિશુમંદિર

તા. ૨૦-૧-૯૪ નાં રોજ સ્વયંશિક્ષણદિન યોજાયો ૪૫ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા સફળરીતે ભજવીને દિવસ ભર શાળાનું સંચાલન સફળતાપૂર્વક કર્યું.

તા. ૩૦-૧૨-૯૪ નાં રોજ નાતાલ પર્વ નિમિત્તે ધોરણ ૩ નાં બાળકો માટે સાંતાક્લોઝ બનાવવાની તેમ જ અભિનંદન કાર્ડ બનાવવાની સ્પર્ધા યોજાઈ ધોરણ ૪ માટે નાતાલ વૃક્ષ સુશોભન સ્પર્ધા યોજાઈ. વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો. વિજેતા નિવડનાર ભાઈ બહેનોને અભિનંદન.

તા. ૧૮-૧-૯૫ નાં રોજ ભૂગોળનો પ્રોજેક્ટ ધોરણ ૫નાં વિદ્યાર્થીઓ માટે હાથ ધરાયો વિદ્યાર્થીઓએ તેમનાં જ્ઞાન વડે , કલ્પનાશક્તિને કામે લગાડી વિવિધ પ્રદેશોની આબેહૂબ રચનાઓ કરી તેમનો આ પ્રોજેક્ટ સાચે જ ધન્યવાદને પાત્ર હતો.

તા. ૧૮-૧-૯૫ નાં રોજ ધોરણ ૪ માટે સુગમ સંગીત સ્પર્ધા યોજવામાં આવી. ૧૮ વિદ્યાર્થી ભાઈ બહેનોએ ખૂબ સરસ રજૂઆત કરી . નિર્ણાયક તરીકે શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની ચિ. દિપાલી દવે તથા ચિ. હેતલ ત્રિવેદી એ સેવા આપી.

તા. ૩૦-૧-૯૫ નાં રોજ શહીદ દિન નિમિત્તે ધૂન પ્રાર્થના તથા મૌનનું આયોજન થયું.

તા. ૪-૨-૯૫ નાં રોજ ધોરણ ૫બનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે વાનગી સ્પર્ધા યોજાઈ વિદ્યાર્થીઓએ ઉર્જા વિના પણ અનેક વાનગીઓ બનાવી. વિદ્યાર્થીઓનો પ્રયાસ ધન્યવાદને પાત્ર રહ્યો.

**રમતોત્સવ :** તા. ૧૦-૨-૯૫ તથા તા. ૧૧-૨-૯૫ ના રોજ ધોરણ ૫, ૬, ૭ માટે રમતોત્સવ ઉજવાયો જેમાં સાંઘિક તથા વ્યક્તિગત રમતોનું આયોજન થયું.

**આંતરગૃહ સ્પર્ધા :**

**નિબંધ સ્પર્ધા : ૧૭-૧૨-૯૪**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | : | માલવ મહેતા | ધવલગિરિ |
| દ્વિતીય | : | હરિતા શાહ | ગંગોત્રી |
| | | ગોપી પટવા | ધવલગિરિ |
| તૃતીય | : | હર્ષ અમીન | ગંગોત્રી |
| | | નીલ શાહ | મેઘનાદ |

**વક્તૃત્વ સ્પર્ધા : ૨૪-૧૨-૯૪**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | : | માલવ મહેતા | ધવલગિરિ |
| દ્વિતીય | : | કૌશલ સોપારકર | રત્નદીપ |
| | | નિસર્ગ શાહ | રત્નદીપ |
| તૃતીય | : | નીલ શાહ | મેઘનાદ |
| | | કયવન શાહ | મેઘનાદ |

નિર્ણાયક તરીકે શ્રી સનતબેન વ્યાસે સેવા આપી.

**ઓરેગામી સ્પર્ધા : ૨૮-૧૨-૯૪**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | : | કશ્યપ શાહ | રત્નદીપ |
| દ્વિતીય | : | પલક પટેલ | મેઘનાદ |
| તૃતીય | : | હીરલ પાછીયા | ગંગોત્રી |
| | | ચિંતન શાહ | ગંગોત્રી |

**ચેસ સ્પર્ધા : ૯-૧-૯૫**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | : | પાર્થ પટેલ | ગંગોત્રી |
| દ્વિતીય | : | જય શાહ | ધવલગિરિ |
| તૃતીય | : | જીતેશ ગાંધી | મેઘનાદ |

**આશ્વાસન ઈનામ :** અમીત ચંદ. રત્નદીપ

નીલ મહેતા એ નિર્ણાયક તરીકે સેવા આપી.

**બેડમિન્ટન સ્પર્ધા : ૧૦-૧-૯૫**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | : | રોનક શાહ | રત્નદીપ |
| દ્વિતીય | : | માલવ મહેતા | ધવલગિરિ |
| તૃતીય | : | નીરજ પટેલ | ધવલગિરિ |

આશ્વાસન ઈનામ : સ્નેહલ શાહ ગંગોત્રી

**કેરમ સ્પર્ધા : ૧૨-૧-૯૫**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | : | મનન ગોસલિયા | રત્નદીપ |
| દ્વિતીય | : | સ્નેહલ શાહ | ગંગોત્રી |
| તૃતીય | : | પાર્થ ભટ્ટ | મેઘનાદ |

આશ્વાસન ઈનામ : શશાંક પટેલ મેઘનાદ

**ટેબલ ટેનીસ સ્પર્ધા : ૨૦-૧-૯૫**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | : | મૃણાલ શાહ | ધવલગિરિ |
| દ્વિતીય | : | અભિષેક વ્યાસ | ધવલગિરિ |
| તૃતીય | : | હર્ષ અમીન | ગંગોત્રી |

આશ્વાસન ઈનામ : શ્રીધર શેઠ ધવલગિરિ

જૈમિન નાગોરીએ નિર્ણાયક તરીકે સેવા આપી

**વિજ્ઞાપન સ્પર્ધા : ૪-૨-૯૫**

| | | | |
|---|---|---|---|
| ભાઈઓ | પ્રથમ : | પ્રિતવ શાહ | ગંગોત્રી |
| | દ્વિતીય : | શ્રીધર શેઠ | ધવલગિરિ |
| | | નેહલ મહેતા | મેઘનાદ |
| | તૃતીય : | હર્ષ અમીન | ગંગોત્રી |
| | | ગૌરવ દલાલ | મેઘનાદ |
| બહેનો | પ્રથમ : | હરિતા શાહ | ગંગોત્રી |
| | દ્વિતીય : | માનસી નવાબ | ગંગોત્રી |
| | | પલક પટેલ | મેઘનાદ |
| | તૃતીય : | રાજસી શેઠ | મેઘનાદ |
| | | ઊર્વી શાહ | ધવલગિરિ |

**ભરતસ્પર્ધા : ૬-૨-૯૫**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | : | જલ્પા રાણપુરા | રત્નદીપ |
| દ્વિતીય | : | બિનલ ગદાણી | રત્નદીપ |
| | | પલક પટેલ | મેઘનાદ |
| તૃતીય | : | હરિતા શાહ | ગંગોત્રી |
| | | ઋજુલ શાહ | ગંગોત્રી |

વિજેતા ભાઈ બહેનોને ખૂબ ધન્યવાદ

આંતરગૃહ સ્પર્ધાઓમાં સમગ્ર પણે મૂલ્યાંકન કરતાં નીચે પ્રમાણે પરિણામ આવે છે.

પ્રથમ : ગંગોત્રી ૫૨૦ ગુણ, દ્વિતીય : ધવલગિરિ ૪૪૫ ગુણ, તૃતીય : રત્નદીપ ૪૩૮ ગુણ, ચતુર્થ : મેઘનાથ ૪૦૮ ગુણ

## અભિનંદન

સેન્ટર ઓફ ઇન્ડિયાન કલ્ચર પાલનપુર આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ. કિંજલ પરીખને સુવર્ણચંદ્રક, ચિ. ચાર્મી પટેલ, ચિ. શિવાંગી ટંકશાળી, ચિ. દેવાંગી મુનશી તથા ચિ. અભિજિત મુનશીને તામ્રચંદ્રક ચિ. સ્તુતિ શાહને સર્ટીફીકેટ અને ચિ. ભાવિ તલાટીને ઈનામ મેળવવા બદલ અભિનંદન.

યંગ એનવોયઝ ઈન્ટરનેશનલ હૈદ્રાબાદ આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ. જીનાંશી પરીખને પ્રમાણપત્ર મેળવવા બદલ ધન્યવાદ.

હૈદ્રાબાદની ચાઈલ્ડ આર્ટ કલબ દ્વારા આયોજીત ૨૯મી અંકલ બાપજી ચિત્રસ્પર્ધામાં ચિ. શિવાંગી ટંકશાળી તથા ચિ. શર્વિલ ટંકશાળીને સ્ટેટ એવોર્ડ મળ્યાં છે તે માટે અભિનંદન

કલકત્તાની ચીલ્ડ્રન્સ લીટલ થીયેટર દ્વારા આયોજીત ૩૩ મી ઓલ ઇન્ડિયા આર્ટ એક્ઝીબીશન ૯૪ માં ચિ. શિવાંગી ટંકશાળીને ચિત્ર માટે ઇનામ મેળવવા બદલ અભિનંદન

ધોરણ ૧ થી ૭ નાંવિદ્યાર્થીભાઈ બહેનોએ ઓક્ટોબર મહિનામાં જુના છતાં સારાં કપડા ભેગાં કરી ભાનુ - માલા ચેરીટેબલ ટ્રસ્ટનાં ઉપક્રમે ધોલેરા વિસ્તારના મુંડી, ભાણગઢ. ઝાંખી અને રાજપુર ગામોમાં પ્રાથમિક શાળામાં ભણતાં બાળકોને મોકલ્યાં, આ સેવાકાર્ય અને ઉદારભાવના બદલ બાળકોને ધન્યવાદ.

## વિનયમંદિર

તા. ૧૭-૧૨-૯૪ ને શનિવારના રોજ શ્રી રાગભાઈ પટેલે ''ધી યંગ રાઈડર્સ ક્લબ''ના ઉપક્રમે 'હોર્સ શો' બતાવ્યો કાર્યક્રમની સાથે અશ્વની જાતો. તેમને કેળવવાની રીત, વિગેરેની ઘણી માહિતી આપી.

**વિશાલા પ્રવાસ :** તા. ૧૯-૧૨-૯૪ ના રોજ શ્રેણી ૯ માટે વિશાલા પ્રવાસ યોજયો વિશાલાનું સંગ્રહસ્થાન અને ગ્રામ્યસંસ્કૃતિ વિદ્યાર્થીઓએ ખૂબ માણ્યાં પ્રવાસખૂબ આનંદદાયક રહ્યો. તા. ૧૩-૧-૯૫ ના રોજ ધો. ૮ ના વિદ્યાર્થીભાઈ બહેનોએ વિશાલાનો પ્રવાસ કર્યો.

**સ્વયંશિક્ષણ દિન :** તા. ૨૦-૧-૯૫ ને શુક્રવારે ધો.૯ના વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા સફળ રીતે ભજવી શાળાનું શિક્ષણકાર્ય સરસ રીતે કર્યું વિદ્યાર્થીઓમાં રહેલી અદ્‌ભુત શક્તિનો અનુભવ થયો.

તા. ૧૦-૨-૯૫ ના રોજ ધો ૧૧ ના વિદ્યાર્થી ભાઈબહેનોએ શિક્ષણકાર્ય કરી શિક્ષણદિન ઉજવ્યો.

**રમતોત્સવ :** તા. ૨૪-૧-૯૫ તથા તા. ૨૫-૧-૯૫ ના રોજ ધોરણ ૮ તથા ધોરણ ૯ નાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે રમતોત્સવ ઉજવાયો . તા.૨૪મીનાં રોજ સાંઘિક રમતો તથા તા. ૨૫ મીના રોજ વ્યક્તિગત રમતોનું આયોજન થયું.

તા. ૨૮-૧-૯૫ નાં રોજ શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ વચ્ચે વાલીબોલની સ્પર્ધા યોજાઈ

તા. ૭-૨-૯૫ નાં રોજ ધો. ૧૧ નાં વિદ્યાર્થીઓ માટે રમતોત્સવ ઉજવાયો.

**પ્રવાસ :** ધોરણ ૧૧ ના વિદ્યાર્થીઓ માટે પ્રાંતિજ ગળતેશ્વરનો પ્રવાસ તા. ૨૪-૧-૯૫ નાં રોજ યોજાયો.

તા. ૮-૨-૯૫ ને બુધવારનાં રોજ શાળાનાં વાલી તથા જાણીતા નાટ્યકાર શ્રી ભરતભાઈ દવેએ 'નાટ્યકલા અને એકપાત્રી અભિનય' વિશે માહિતીસભર અને રસપ્રદ પ્રવચન આપ્યું.

**આંતરગૃહ સ્પર્ધા :**

**સમાચાર વાંચન સ્પર્ધા :** ૨૧-૧૨-૯૪

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | : | નિલય ઓઝા | મેઘદૂત |
| | | રૂચિ સોપારકર | ગીતગોવિંદ |
| દ્વિતીય | : | વિવેક દવે | પદ્મપુકુર |

શ્રી સુધાબેન ભટ્ટે નિર્ણાયક તરીકે સેવા આપી.

**શાસ્ત્રીય નૃત્ય સ્પર્ધા :** તા. ૧૦-૨-૯૫

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | : | પાયલ વસાવડા | પદ્મપુકુર |
| દ્વિતીય | : | ઋતા દવે | ચંદ્રમૌલિ |
| | | પંક્તિ સોમાણી | મેઘદૂત |

નિર્ણાયક તરીકે ભૂતપૂર્વ વિદ્યાર્થીની બહેન દિપાલીએ સેવા આપી.

**અભિનંદન :** પંજાબ નેશનલ બેંક તરફથી યોજાયેલ આંતરસ્કુલ કવીઝમાં ભાવિન ભટ્ટ તથા ફૈયાઝ મેમણે રનર્સ અપ કપ મેળવી દરેકે રૂ ૨૦૧નું ઇનામ મેળવ્યું છે તે બદલ અભિનંદન.

**અંક સ્પર્ધા :**

આંતરગૃહ અંકસ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

પ્રથમ : ગીતગોવિંદ, દ્વિતીય : ચંદ્રમૌલિ, તૃતીય : મેઘદૂત

નિર્ણાયક તરીકે સેવા આપનાર જાણીતા ચિત્રકાર શ્રી રજનીભાઈ વ્યાસ તરફ આભારની લાગણી વ્યક્ત કરું છું અને એમનો પ્રતિભાવ માર્ગદર્શક હોઈ અત્રે પ્રગટ કરતાં આનંદ અનુભવું છું.

''**ગીત ગોવિંદ :** આવરણ મુખપૃષ્ટ ખૂબજ સરસ છે, વિષયને અનુરૂપ તેમ જ પ્રતિકાત્મક છે ચિત્રાંકન પણ સારું છે. કલરસ્કીમ પણ સરસ છે. વિષય તથા લખાણ આજના તાતા પ્રશ્નનું પ્રતિબિંબ પાડે તેવાં છે. પાનાઓ પરના સુશોભનો પણ સારાં છે. મુખપૃષ્ઠ પર ધુમાડાઓના પ્રદુષણમાંથી પ્રગટ થતો ડાયનેસોરનો આકાર પ્રભાવક છે.

**ચંદ્રમૌલિ :** આવરણ સારું છે પરંતુ તેનાં ચિત્રો મહદંશે માત્ર ભૌતિકવિજ્ઞાનના વિષયોનાં છે અંકમાં વિજ્ઞાનની અન્ય શાખાઓ. રસાયણવિજ્ઞાન, ખગોળવિજ્ઞાન તેમજ જીવવિજ્ઞાનના પ્રતિકાત્મક ચિત્રો મુકાયા હોત તો વધુ યોગ્ય લેખાત. લખાણમાં ચારે ય વિજ્ઞાનશાખાઓનું વિભાગીકરણ સારું છે. તે માટે રંગીન કાગળ વાપરી શકાય તેમ જ તેની પર માત્ર મોરના સુશોભન કરતાં જે તે વિજ્ઞાનશાખાનું પ્રતિક મૂકી શકાય.

**મેઘદૂત :** આવરણ સહિત સુશોભન તેમજ લખાણ સારાં છે. મુખપૃષ્ઠ ઉપરથી પર્યાવરણ વિષયક અથવા તો વનસ્પતિશાસ્ત્રને લગતું અંદર હશે તેમ છાપ પડે છે, જેવું ખરેખર નથી. અંદરનું લખાણ સામાન્યજ્ઞાનને લગતું છે. શાળામાં ગુજરાતી માધ્યમ હોઈ લખાણ ગુજરાતીમાં હોત તો વધુ યોગ્ય લાગત. લખાણ સાથેના રેખાચિત્રો સરસ છે. મેટર, ચિત્રો Overlap થવાથી આધુનિક લાગે છે.''

સેન્ટર ફોર ઇન્ડિયન કલ્ચર આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ. વૈશલ અજય શાહ તથા ચિ. રાજવી શાહને ઇનામ મેળવવા બદલ અભિનંદન.

**શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને :**

ઘણાં પ્રસંગોએ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ મળે છે ત્યારે સામૂહિક મિલન રાખવાનો પ્રસ્તાવ વારંવાર થાય છે. શાળાની પ્રવેશનીતિને કારણે ઘણાં મોટા પ્રમાણમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, જેઓ શાળાનાં વાલીઓ છે તેઓ તો વારંવાર મળે છે. આમ છતાં બધાં જ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનાં સરનામા ટેલિફોન નંબર જેવી વિગત શાળામાં હોય તે માટે સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને તે અંગેનું શાળાએ તૈયાર કરેલું ફોર્મ ભરવા ખાસ વિનંતી છે. સૌના સહકારની અપેક્ષા છે. ફોર્મ શાળાની ઓફિસમાંથી મળી શકશે.

## અભિનંદન

સંસ્થાના કોઓર્ડીનેટર શ્રીમતિ ઉર્મિલાબેન શાહને તેમના પુસ્તક 'બાળકને સમજીએ' માટે ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી દ્વિતીય ઇનામ પ્રાપ્ત થયેલ છે. આ ગૌરવપ્રદ એવોર્ડ બદલ તેમને અભિનંદન આપતાં સંસ્થા ગૌરવ અનુભવે છે.

તેમણે વાલીઓ તથા શિક્ષકોને માર્ગદર્શક અન્ય પુસ્તકો પણ લખ્યાં છે - 'બાળકને ઓળખીએ' અને 'કિશોરોનું મનોરાજ્ય' જે ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા પ્રકાશિત થયા છે.


તંત્રી, મુદ્રક, પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ ૩૮૦ ૦૦૭.

ટાઈપ સેટીંગ : આકાશ ગ્રાફિક્સ, ૧૮ પલ્લવી ટાવર-૧, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯. ફોન : ૪૬૪૮૧૬

મુદ્રણ સ્થળ : મારુતિ પ્રિન્ટર્સ, તાવડીપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૪. ફોન : ૩૧૨૩૧૨, ૩૪૫૫૫૯